# ઘ-માર્ગ પર અન્ડર પાસને અનુલક્ષી પાર્કની ડિઝાઈન તૈયાર : ટુંકમાં કામ શરૂ કરાશે

ગાંધીનગર તા ૧૮

શહેરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડરપાસનુ કામ પુર્ણતાના આરે છે. આગામી દિવસોમાં અન્ડર પાસનુ લોકાર્પણ પણ કરવામાં આવશે. જયારે અન્ડર પાસની સાથે હવે સ્વર્ણિમ પાર્કને સીધુ જોડાણ આપવાની કામગીરી પણ હાથ ધરાશે. અન્ડર પાસ ઉપર પાર્ક બનાવાની કામગીરીને અનુલક્ષી ડિઝાઈન પણ તૈયાર કરી દેવામાં આવી છે. આગામી ૧૫ દિવસમાં અન્ડર પાસને અનુલક્ષીને પાર્કનુ કામ પણ શરૂ કરી દેવાશે.

શહેરના મુખ્ય ઘ અને ગ માર્ગ પર હાલ અન્ડર પાસનુ કામ ચાલી રહ્યુ છે. જયારે ઘ માર્ગ પર છેલ્લા દોઢ વર્ષથી અન્ડર પાસની કામગીરી ચાલી રહી છે. ત્યારે આગામી ટુંક સમયમાં ઘ માર્ગ પર નગરનો પ્રથમ અન્ડર પાસ તૈયાર થઈ જશે. આ ઉપરાંત ગ માર્ગ પર અન્ડર પાસના નિર્માણની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. ત્યારે આ બન્ને અન્ડર પાસ વચ્ચે સ્થિત સ્વર્ણિમ પાર્કને સળંગ કરવા માટે પણ ટુંકમાં કામ શરૂ કરાશે. ગ-૪ થી ચ-૪ સુધી સ્વર્ણિમ પાર્કનુ નિર્માણ કરાયુ છે. જયારે આ રૂટમાં ઘ-૪ અને ગ- ૪ પાસે અન્ડર પાસ બનાવાની યોજના હાથ ધરવામાં આવતા હવે સ્વર્ણિમ પાર્કનુ સીધુ જોડાણ રહે તે માટે અન્ડર પાસની ઉપરની બાજુએ પણ પાર્કનુ નિર્માણ કરાશે. જેથી પાર્ક નીચેથી અન્ડર પાસ પસાર થશે. નગરના ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરવાની કામગીરી આખરી તબક્કામાં ચાલી રહી છે. ટુંકમાં અન્ડર પાસ તૈયાર થઈ જશે. જયારે ગ માર્ગ પર અન્ડર પાસ બનાવાની કામગીરી હમણાં શરૂ કરવામાં આવી છે. બીજીતરફ ઘ માર્ગ પર અન્ડર પાસની કામગીરી પુર્ણતાના આરે છે.

ટુંકમાં ઘ માર્ગ પર નગરના પ્રથમ અન્ડર પાસનુ લોકાર્પણ પણ કરવામાં આવશે. ત્યારે હાલ અન્ડર પાસને અનુલક્ષી સ્વર્ણિમ પાર્કને સળંગ કરવા માટે તંત્ર કક્ષાએથી ડિઝાઈન પણ તૈયાર કરી દેવામાં આવી છે. જેના આધારે સ્વર્ણિમ પાર્ક જુની ડીઝાઈન મુજબ જ ડેવલપ કરાશે. અન્ડર પાસની સાથે પાર્કને સળંગ જોડવાનુ કામ પણ આગામી ૧૫ દિવસમાં શરૂ કરી દેવાશે. જેથી નગરના હાર્દ સમા વિસ્તારમાં ટ્રાફિકના સિનારિયો બદલાશે સાથે પાર્કનો નઝારો પણ વધુ નિખરશે.

જાન્યુઆરી માસમાં અચાનક જ વાતાવરણમાં આવેલો પલ્ટો આશ્ચર્ય ઉપજાવે છે. કડકડતી ઠંડી પડવી જોઈએ તેના સ્થાને જાણે ઉનાળો બેસવાનો હોય તેમ ગરમી અનુભવાઈ હી છે. પંખાની સ્પીડ રીતસર વધારવી પડી છે. ગરમી અનુભવાઈ રહી છે ત્યારે કેટલાક યુવાનો શેરડીના રસની મજા માણી રહ્યા છે. લોકડાઉન દરમિયાન વતન જતા રહેલા કોલાવાળાઓ પાછા ફરતા શહેરમાં ઘણા સ્થળોએ રસના કોલા જોવા મળી રહ્યા છે.

# જિલ્લામાં આજે ૨૨૫ કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવશે

**ચાર સામુહિક કેન્દ્રો પર ૧૨૫ કોરોના વોરિયર્સ અને ગાંધીનગર સિવિલમાં ૧૦૦ કોરોના વોરિયર્સનું વેક્સીનેશન થશે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં આજે બે દિવસ બાદ પુનઃ કોરોના વેક્સીનેશન પાંચ સેશન સાઈટ પર યોજવામાં આવશે અને ૨૨૫ જેટલા કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરાશે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ વખતે ચાર સામુહિક આરોગ્ય કેન્દ્રોની પસંદગી કરવામાં આવી છે. જેમાં અડાલજ, રખિયાલ, નારદીપુર તથા ચરાડા સામુહિક આરોગ્ય કેન્દ્રની પસંદગી કરવામાં આવી છે. આ ચારેય સામુહિક આરોગ્ય કેન્દ્ર પર સવારે નવ વાગ્યાથી વેક્સીનેશનની કામગીરીનો આરંભ થશે.

ગાંધીનગર શહેરમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું કેન્દ્ર યથાવત રાખવામાં આવ્યુ છે. અહિ ૧૦૦ કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૫ જેટલા કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવશે.

જિલ્લામાં ૧૬મી તારીખે યોજાયેલ વેક્સીનેશન દરમ્યાન ૪૫૪ વોરિયર્સનું વેક્સીનેશન કરાયુ હતુ. જેમાંથી એક પણ વોરિયર્સને આડ અસર થયાનું જણાયુ નથી. જિલ્લામાં ૧૩ હજાર જેટલા કોરોના વોરિયર્સનું રજીસ્ટ્રેશન થયેલ છે.

જિલ્લામાં હવે પછી ગુરૂવારે વેક્સીનેશનનો કાર્યક્રમ આગળ ધપાવવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. દરેક વેક્સીનેશન સેન્ટર પર વેક્સીનનો જથ્થો મોકલી આપવામાં આવ્યો છે અને તે આઈએસઆર ફ્રીજમાં ૨ થી ૮ ડિગ્રી તાપમાન વચ્ચે સુરક્ષીત કરવામાં આવ્યો છે.

# જિલ્લામાં ૧૪ નવા કેસ : ૪ હોસ્પિટલમાં દાખલ કરાયા

**ગાંધીનગરમાં ૬, દહેગામમાં ૨ કેસ નોંધાયા : સે. ૩ માંથી ૩, સે. ૨૦ માંથી ૨ અને સે. ૧૨ માંથી ૧ કેસ : પિતા-પુત્ર કોરોનાથી સંક્રમિત થયા**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર વચ્ચે આજે વધુ ૧૪ કેસ નવા નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૮ અને ગાંધીનગર શહેરમાંથી ૬ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૮ કેસમાંથી ૬ કેસ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં અને ૨ કેસ દહેગામ તાલુકામાં નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી આજે ૩ કેસ ઉપરાંત ભાટ, રાંદેસણ અને સરગાસણમાંથી કેસો મળી આવેલ છે.

દહેગામ તાલુકામાં અર્બન વિસ્તારમાંથી એક અને સાંપા ગામેથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લામાં આજે વધુ બે દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જિલ્લામાં આજે ૩ મહિલા દર્દીઓ મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૯૦૪ દર્દી કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૫ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૪૩૩૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાંથી આજે વધુ ૬ દર્દી કોરોનાના મળી આવ્યા છે. જેમાંથી બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આજે સે. ૩ માં બે દર્દી એક જ પરિવારના છે. તો સે. ૨૦ માંથી પિતા-પુત્ર કોરોનાથી સંક્રમિત થયેલા છે.

આજે સંક્રમિત થનારાઓમાં એક લેબ ટેકનીશ્યન, ગોયેન્કા હોસ્પિટલના મેડીકલ ઓફિસર, વીમા એજન્ટ તેમજ નવા સચિવાલયમાં ફરજ બજાવતા અધિકારીનો સમાવેશ થાય છે.

આજે સે. ૩ માંથી ૩ તો સે. ૨૦ માંથી ૨ અને સે. ૧૨ માંથી એક કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે ૬૦ જેટલા એક્ટીવ કેસ સારવાર હેઠળ છે. જેમાં ૪૫ થી વધુ હોમ આઈસોલેશન હેઠળ છે. શહેરમાં આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે.

# સે-૨૬માં ૧૯ કરોડના ખર્ચે ફાર્મસી કોલેજનુ ત્રણ માળનુ નવુ બિલ્ડીંગ બનશે

**નવા કલાસરૂમ, કોમ્પ્યુટર લેબ , પાર્કીંગ, ફાયર સેફટી સહીતની સુવિધા સાથે નવુ બિલ્ડીંગ બનશે : આગામી મહીનામાં કામ શરૂ કરી દેવાશે**

ગાંધીનગર તા ૧૮

સે-૨૬ માં ફાર્મસી કોલેજનુ નવુ બિલ્ડીંગ બાંધવા માટે ટુંકમાં કામ હાથ ધરાશે. ફાર્મસી કોલેજના ત્રણ મજલાના નવા બિલ્ડીંગને બાંધવા માટે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. આગામી એક મહીનામાં કામ શરૂ કરાશે. કોલેજના નવા બિલ્ડીંગ માટે અંદાજિત રૂ ૧૯ કરોડનો ખર્ચ કરાશે.

નગરમાં આઈ ટી આઈ બિલ્ડીંગ બાંધવા માટે પણ કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. આઈ ટી આઈ બિલ્ડીંગ ૪૦ વર્ષ જુનુ છે. જયારે આ જર્જરિત બિલ્ડીંગ તોડીને નવા બિલ્ડીંગનુ બાંધકામ પણ ટુંકમાં હાથ ધરવામાં આવશે. જયારે આ કામગીરી પાછળ પણ અંદાજિત રૂ ૨૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં તબક્કાવાર જુના અને જર્જરિત આવાસો તોડીને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. જયારે જુના બિલ્ડીંગો પણ તોડીને નવા બિલ્ડીંગ બાંધવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. નવા બિલ્ડીંગોને કોર્પોરેટ લુક આપવાની સાથે અદ્યતન સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી રહી છે. નગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી અત્યાર સુધી આ જુના બિલ્ડીંગોમાં ખાસ કરીને જાળવણીની કામગીરી પણ હાથ ધરવામાં આવી નથી જેના લીધે ખંડરે બનતા બિલ્ડીંગોનુ નવિનીકરણ અનિવાર્ય બન્યુ છે. આઈ ટી આઈનુ બિલ્ડીંગ પણ ચાર દાયકા જુનુ છે.

જયારે ફાર્મસી કોલેજના બિલ્ડીંગના નવિનીકરણ માટે પણ ટુંકમાં કામ શરૂ કરી દેવાશે સુત્રોના જણાંવ્યા મુજબ ફાર્મસી કોલેજના ત્રણ મજલાના નવા બિલ્ડીંગમાં વિદ્યાર્થીઓ માટે કલાસરૂમ, કોમ્પ્યુટર રૂમ, લેબ બનાવામાં આવશે. આ ઉપરાંત પાર્કીંગનુ કામ પણ હાથ ધરવામાં આવશે. તેમજ ફાયર સેફટીની વ્યવસ્થા પણ કરાશે. ફાર્મસી કોલેજના નવા બિલ્ડીંગની કામગીરી સંદર્ભે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. આગામી એક મહીનામાં કામ શરૂ કરી દેવાશે.

# શહેરના સેકટરોમાં એપ્રોચ માર્ગો પર વચાળે અજવાળુ પથરાશે

**એપ્રોચને ફોરટ્રેક કરવાની યોજના અન્વયે ડિવાઇડર અને લાઇટો મુકાશે : અકસ્માતો નિવારી શકાશે**

ગાંધીનગર તા ૧૮

શહેરના સેકટરોમાં એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલ નગરના જુના સેકટરોમાં કામ ચાલી રહ્યુ છે. ત્યારે એપ્રોચ માર્ગોને તૈયાર કરવા સહિત વચાળે ડિવાઈડર તેમજ લાઈટીંગ પણ કરવામાં આવશે. સેકટરોમાં વિકાસ અને વસતી મુજબ એપ્રોચ માર્ગો પર ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. ત્યારે એપ્રોચને ફોરટ્રેક કરવાની યોજના માર્ગ સલામતીની દ્રષ્ટીએ ઉપયોગી પુરવાર થશે.

શહેરના સેકટરોમાં એપ્રોચ માર્ગોને ફોરટ્રેક બનાવાની કામગીરી ચાલી રહી છે. હાલની સ્થિતિએ સે-૨૬ થી ૨૮ અને સે૨૮ થી ૩૦ માં એપ્રોચ માર્ગને ફોરટ્રેક બનાવાની કામગીરી ચાલી રહી છે. જયારે શહેરના સે-૨૧, ૨૨ અને સે-૭ અને સે-૧૧ સિવાયના અન્ય સેકટરોમાં પણ તબક્કાવાર સેકટરોના એપ્રોચને ફોરટ્રેક બનાવવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરાશે. સેકટરોના એપ્રોચને પહોળા કરવા સહીત વચાળે ડિવાઈટર તેમજ લાઈટીંગ પણ કરવામાં આવશે.સેકટરોના વિકાસ અને વસતીના પ્રમાણમાં વાહનોની

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૩૩,૧૧૫ નવા મતદારો નોંધાયા

ગાંધીનગર, તા. ૧૮

જિલ્લામાં લોકસભાની ચૂંટણી પછી ૩૩,૧૧૫ મતદારો નવા નોંધાયા છે. લોકસભાની ચૂંટણી વેળાએ જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૨,૨૨,૭૨૮ હતી. હવે ૧-૧-૨૧ની સ્થિતિએ નવા મતદારોની સંખ્યા ૧૨,૫૫,૮૪૩ થાય છે.

જિલ્લામાં ૧૫,૫૦૦થી વધુ મતદારો ૧૮ થી ૧૯ વર્ષની વયના નોંધાયા છે.

જિલ્લામાં સૌથી વધુ નવા મતદારો ગાંધીનગર(દ) બેઠક પર ૧૨,૩૧૪ નોંધાયા છે. આ પછી કલોલ વિધાનસભા બેઠક પર ૬૪૮૨ નવા મતદારો નોંધાયા છે. ગાંધીનગર (ઉ) વિધાનસભા બેઠક પર ૫૭૯૧, માણસામાં ૪૪૯૭ અને દહેગામમાં ૪૦૩૧ નવા મતદારો નોંધાયા છે.

**લોકસભાની ચૂંટણી પછી સૌથી વધુ ગાંધીનગર(દ) બેઠક પર નવા મતદારો નોંધાયા : ૧૫ હજારથી વધુ ૧૮ થી ૧૯ વર્ષની વયજૂથના મતદારો છે**

મતદાર નોંધણી અને સુધારણા ઝુંબેશ તાજેતરમાં પૂર્ણ થયા બાદ ૧૫મી જાન્યુઆરીએ મતદાર યાદીનો પ્રાથમિક મુસદ્દો ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

નવા નોંધાયેલા મતદારોને હવે ૨૫મી જાન્યુઆરી પછી તેમના વૉટર આઈ.ડી. કાર્ડનું વિતરણ શરૂ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

રાજયમાં આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ યોજવાની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા યોજાયેલી આ ઝુંબેશનું મહત્વ વિશેષ છે. જિલ્લામાં મતદારોની સંખ્યામાં વધારો થયો છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આ વખતે ૪,૩૭૬ નામો કમી કરવાની અરજીઓ તંત્રને મળી હતી અને તે ગ્રાહ્ય રાખવામાં આવી છે. આમ તો જિલ્લાને નવા મતદાર થવા માટે ૩૭,૪૯૧ અરજીપત્રકો મળ્યા હતા.

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના જન્મદિનની ઉજવણી સાદાઈપૂર્વક કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આચાર્ય દેવવ્રતજીને જન્મદિનની શુભકામનાઓ પાઠવી હતી.

## ખંભાળિયાના પૂર્વ ધારાસભ્ય મેઘજીભાઈનું કોરોનાથી નિધન

ખંભાળિયા,તા.૧૮

ખંભાળિયાના ભાજપના પૂર્વ ધારાસભ્યનું કોરોનાથી મૃત્યુ નિપજયું છે. ખંભાળીયાના પૂર્વ ધારાસભ્ય અને સતવારા સમાજના અગ્રણી મેઘજીભાઈ કણઝારીયા થોડા દિવસ પૂર્વે કોરોના પોઝિટિવ આવતા ખંભાળિયા જનરલ હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ જામનગર જી.જી.હોસ્પિટલમાં કોરોનાની સારવાર હેઠળ હતાં.

# સ્વચ્છતા સર્વેક્ષણ માટે નાગરિકોનો નબળો પ્રતિસાદ જોઈ તંત્ર ચોંકી ઉઠ્યુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા સર્વેક્ષણ માટે ફીડ બેક આપવામાં નગરજનોની ઉદાસીનતાથી તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

આજે નાયબ મ્યુનિ. કમિશનર પ્રીતેશ દવેએ ખાસ બેઠક સ્વચ્છતા સર્વેક્ષણને લઈ યોજી હતી. ૧ કલાક સુધી સ્વચ્છતા સર્વેક્ષણનું મહત્વ તેમાં લોકોની ભાગીદારીનુ કેટલુ મહત્વ છે તેની વાત કરી હતી. તેમણે આ બેઠકમાં સ્વચ્છતા અભિયાનને સઘન બનાવવા પર પણ વિશેષ ભાર મુક્યો હતો.

મળતી વિગતો મુજબ સ્વચ્છતા સર્વેક્ષણ માટે તંત્રને અત્યાર સુધીમાં ૩ હજાર જેટલા જન અભિયાન પ્રતિસાદરૂપે સાંપડ્યા છે. શહેરની વધેલી હદ અને વસ્તીને ધ્યાને લેતાં તે ૫ ટકા જેટલા અભિપ્રાયો થવા જાય છે.

તંત્રએ સ્વચ્છતા અંગે જન જાગૃતિ અભિયાન છેડવાનો નિર્ણય લીધો હોવાનો સંકેત પણ આજની બેઠકમાં આપવામાં આવ્યો હતો. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૪૦ હજારથી વધુ લોકોના પ્રતિભાવ મેળવવાનો લક્ષ્યાંક તંત્રએ રાખ્યો છે.

તંત્ર દ્વારા આ અંગે હવે સમગ્ર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે તંત્ર દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણની તૈયારીઓ જે રીતે કરવામાં આવી રહી છે તે અંગેની વિગતો સાથેના પ્લેમફલેટ તૈયાર કરી વિતરણ કરવામાં આવશે. સ્વચ્છતા અંગે ખાસ ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરાયુ હતુ તેમજ આ માટે વોલ પેઈન્ટીંગનો પણ કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો જે ઉલ્લેખનીય છે.


**ઇંડિયન બૈંક Indian Bank** ALLAHABAD

**ઈન્ડિયન બેંક ગાંધીનગર શાખા**
બ્લોક નં. ૩૧૬, સેક્ટર ૧૬ ઘ,
ગાંધીનગર-૩૮૨૦૧૬

**ઈ-હરાજી ૧૦.૦૨.૨૦૨૧ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા થી ૩.૦૦ વાગ્યા સુધી**
સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ જ્યાં છે, જે છે અને જેમ છેના ધોરણે
વેબસાઇટ https://www.mstcecommerce.com પર આપેલ ઈ-હરાજી પ્લેટફોર્મ મારફત

**શ્રી વિશાલ દીપકકુમાર પંડ્યા અને સ્વેતા વિશાલ પંડ્યા**

**સ્થાવર મિલકતની વિગત (સાંકેતિક કબજો)**

રહેણાક સ્થાવર મિલકતના તમામ હિસ્સા અને ભાગ જે **એ ૫૦૧,** ૫મો માળ, બ્લોક એ પ્લાન અનુસાર, બ્લોક બી, સર્વે નં. ૬૦૧/૩ ટીપી સ્કીમ નં. ૮૫ (સરખેજ-મકરબા-ઓકફ) અને એફ. પી. નં. ૫૭) મોજે/ગામ-સરખેજ, તાલુકો-વેજલપુર (જૂનો તાલુકો અમદાવાદ, પશ્ચિમ), ઝૈનબ એવન્યુ પાસે, અજવાડ રેસિડન્સી, સરખેજ, પેટા રજિસ્ટ્રેશન જિલ્લો અમદાવાદ, જિલ્લો અમદાવાદ, ગુજરાત- ૩૮૦૦૦૯ ખાતે **વિશાલ દીપકકુમાર પંડ્યાના અને શ્વેતા વિશાલ પંડ્યાના નામે** છે. ઘરની ચતુ:સીમા આ મુજબ છે. પૂર્વ: પગથિયાં પેસેજ અને ફ્લેટનં એ/૫૦૪, પશ્ચિમ: ખુલ્લીજગ્યા, ઉત્તર: બ્લોક નં. બી, દક્ષિણ : ફ્લેટનં. એ/૫૦૨

| | |
|---|---|
| બેંકના જાણમાં હોય તેવા બોજા, સ્થાનિક સરકારી, ઇલેક્ટ્રીસીટી, મિલકત વેરા, મ્યુન્સિપલ ટેક્સ વગેરેના બાકી લેણાં, જો કોઇ હોય તો, | મિલકત પર કોઇ બોજો નથી. અહીં દર્શાવેલી વિગતો અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી અને માહીતી હેઠળ છે. |
| દેવાદાર(રો)નું નામ/ જામીનદાર / ગીરવેદાર(રો)ના નામ | **વિશાલ દીપકકુમાર પંડ્યા** (દેવાદાર/ગીરવેદાર) **સ્વેતા વિશાલ પંડ્યા** (દેવાદાર/ગીરવેદાર) |
| જામીનદાર / ગીરવેદાર(રો)ના નામ | **શ્રી મહેન્દ્રભાઈ આઈ વાઘેલા** (જામીનદાર) **વિશાલ દીપકકુમાર પંડ્યા અને સ્વેતા વિશાલ પંડ્યા** (દેવાદાર/ગીરવેદાર) |
| સિક્યોર્ડ લેણાંની રકમ | **રૂા. ૩૯,૪૦,૪૨૦.૦૦** માંગણા નોટીસ તારીખ ૩૦.૦૮.૨૦૧૯ મુજબ, વત્તા વસુલાતની તારીખ સુધીનું વ્યાજ, કોસ્ટ, ચાર્જ અને અન્ય ખર્ચ. |
| રીઝર્વ કિંમત | **રૂા. 33,00,000.00** |
| અર્નેસ્ટ મની ડિપોઝીટ | **રીઝર્વ કિંમતના ૧૦ ટકા (3,30,000.00 પુરા)** |
| પ્રોસેસ કમ્પલાયન્સ ફોર્મ તેમજ ઇએમડીની રકમ સુપરત કરવાની છેલ્લી તારીખ અને સમય | **૦૮.૦૨.૨૦૨૧ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા સુધી** https://www.mstcecommerce.com દ્વારા ઈ-હરાજી ઇચ્છુક બિડર દ્વારા ઈએમડીની તારીખે કે તે પહેલાં રજીસ્ટ્રેશન પૂર્ણ થયેલ હોવું જોઇએ, અને ગ્લોબલ વોલેટમાં ઈએમડીનું બેલેન્સ હોવું જોઇએ. |
| ઈ-હરાજીની તારીખ અને સમય | **૧૦.૦૨.૨૦૨૧ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા થી 3.00 વાગ્યા સુધી અમર્યાદિત લંબાણ સહીત. બીડ વૃદ્ધિની રકમ રૂા. ૫૦૦૦૦ છે.** |
| વધુ વિગતો, શરતો અને નિયમો માટે, સપંર્ક : **શ્રી રાજેશ કુમાર, ચીફ મેનેજર** **ફોન : ૦૭૯-૨૩૨૨૨૦૮૦,** **મો. ૯૪૨૭૬૫૬૩૧૧,૭૪૩૫૯૬૭૧૦૦** **ઇમેઇલ:** zoahmrecovery@indianbank.co.in, zoahmedabad@indianbank.co.in | **વધુ વિગતો અને શરતો અને નિયમો ડાઉનલોડ કરવા માટે મુલાકાત લેવી :** I. https://www.indianbank.in II. https://www.mstcecommerce.com III. https://www.ibapi.in |

**બીડરો એ નીચેની ઔપચારીક પ્રક્રિયાઓ અગાઉથી પુર્ણ કરવી :**
**પગલું ૧ : બીડર / ખરીદાર રજીસ્ટ્રેશન :** બીડરે તેમના મોબાઇલ નંબર અને ઇમેઇલ આઇડીનો ઉપયોગ કરીને ઈ-હરાજી પોર્ટલ (ઉપર આપેલ લિંક) http://www.mstcecommerce.com પર રજીસ્ટર કરાવવું.
**પગલું ૨ : કેવાયસી ચકાસણી :** બીડરોએ આવશ્યક કેવાયસી દસ્તાવેજો અપલોડ કરવા. કેવાયસી દસ્તાવેજોની ઈ-હરાજી સર્વિસ પ્રદાતા દ્વારા ચકાસણી કરવામાં આવશે. (જેમાં બે ચાલુ દિવસ લાગી શકે છે.)
**પગલું ૩ : તેમના ગ્લોબલ ઇએમડી વોલેટમાં ઇએમડી ટ્રાન્સફર કરવી :** ઈ-હરાજી પોર્ટલ પર બનાવેલ ચલાનનો ઉપયોગ કરીને એનઈએફટી / ટ્રાન્સફરનો ઉપયોગ કરીને ફંડનું ઓનલાઇન / ઓફલાઇન ટ્રાન્સફર.
પગલા ૧ થી પગલા ૩ સુધીની પ્રક્રિયા બીડ-રોએ ઈ-હરાજીની તારીખ પહેલા અગાઉથી પુર્ણ કરવી જોઇએ.

**તારીખ : ૧૮.૦૧.૨૦૨૧** **સ્થળ : અમદાવાદ** **નોંધ : વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણવામાં આવશે.** **ઇન્ડિયન બેંક અધિકૃત અધિકારી**

**નોંધ : આ ઉપર જણાવેલ લોનના દેવાદાર / જામીનદારો / ગીરવેદારોને ઉપર જણાવેલ તારીખ અને અન્ય વિગતો અનુસાર આ વેચાણ યોજવા અંગેની નોટીસ પણ છે.**



**ઇંડિયન બૈંક Indian Bank** ALLAHABAD

**ઈન્ડિયન બેંક ગાંધીનગર શાખા**
બ્લોક નં. ૩૧૬, સેક્ટર ૧૬ ઘ,
ગાંધીનગર-૩૮૨૦૧૬

**ઈ-હરાજી ૧૦.૦૨.૨૦૨૧ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા થી ૩.૦૦ વાગ્યા સુધી**
સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ જ્યાં છે, જે છે અને જેમ છેના ધોરણે
વેબસાઇટ https://www.mstcecommerce.com પર આપેલ ઈ-હરાજી પ્લેટફોર્મ મારફત

**સ્વેતા વિશાલ પંડ્યા અને વિશાલ દીપકકુમાર પંડ્યા**

**સ્થાવર મિલકતની વિગત (સાંકેતિક કબજો)**

રહેણાક સ્થાવર મિલકતના તમામ હિસ્સા અને ભાગ જે **એ ૫૦૪,** ૫મો માળ, બ્લોક એ પ્લાન અનુસાર, બ્લોક બી, સર્વે નં. ૬૦૧/૩ ટીપી સ્કીમ નં. ૮૫ (સરખેજ-મકરબા-ઓકફ) અને એફ. પી. નં. ૫૭) મોજે/ગામ-સરખેજ, તાલુકો-વેજલપુર (જૂનો તાલુકો અમદાવાદ, પશ્ચિમ), ઝૈનબ એવન્યુ પાસે, અજવાડ રેસિડન્સી, સરખેજ, પેટા રજિસ્ટ્રેશન જિલ્લો અમદાવાદ, જિલ્લો અમદાવાદ, ગુજરાત- ૩૮૦૦૦૯ ખાતે **શ્વેતા વિશાલ પંડ્યા અને વિશાલ દીપકકુમાર પંડ્યાના નામે** છે. ઘરની ચતુ:સીમા આ મુજબ છે. **પૂર્વ:** અંદાજે પગથિયાં પેસેજ, **પશ્ચિમ:** ખુલ્લી જગ્યા, **ઉત્તર:** બ્લોક નં. બી, **દક્ષિણ:** ફ્લેટ નં. એ/૫૦૨

| | |
|---|---|
| બેંકના જાણમાં હોય તેવા બોજા, સ્થાનિક સરકારી, ઇલેક્ટ્રીસીટી, મિલકત વેરા, મ્યુન્સિપલ ટેક્સ વગેરેના બાકી લેણાં, જો કોઇ હોય તો, | મિલકત પર કોઇ બોજો નથી. અહીં દર્શાવેલી વિગતો અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી અને માહીતી હેઠળ છે. |
| દેવાદાર(રો)નું નામ/ જામીનદાર / ગીરવેદાર(રો)ના નામ | **સ્વેતા વિશાલ પંડ્યા** (દેવાદાર/ગીરવેદાર) **વિશાલ દીપકકુમાર પંડ્યા** (દેવાદાર/ગીરવેદાર) |
| જામીનદાર / ગીરવેદાર(રો)ના નામ | **શ્રી મહેન્દ્રભાઈ આઈ વાઘેલા** (જામીનદાર) **વિશાલ દીપકકુમાર પંડ્યા અને સ્વેતા વિશાલ પંડ્યા** (દેવાદાર/ગીરવેદાર) |
| સિક્યોર્ડ લેણાંની રકમ | **રૂા. ૩૯,૦૩,૭૬૦.૦૦** માંગણા નોટીસ તારીખ ૩૦.૦૮.૨૦૧૯ મુજબ, વત્તા વસુલાતની તારીખ સુધીનું વ્યાજ, કોસ્ટ, ચાર્જ અને અન્ય ખર્ચ. |
| રીઝર્વ કિંમત | **રૂા. 33,00,000.00** |
| અર્નેસ્ટ મની ડિપોઝીટ | **રીઝર્વ કિંમતના ૧૦ ટકા (3,30,000.00 પુરા)** |
| પ્રોસેસ કમ્પલાયન્સ ફોર્મ તેમજ ઇએમડીની રકમ સુપરત કરવાની છેલ્લી તારીખ અને સમય | **૦૮.૦૨.૨૦૨૧ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા સુધી** https://www.mstcecommerce.com દ્વારા ઈ-હરાજી ઇચ્છુક બિડર દ્વારા ઈએમડીની તારીખે કે તે પહેલાં રજીસ્ટ્રેશન પૂર્ણ થયેલ હોવું જોઇએ, અને ગ્લોબલ વોલેટમાં ઈએમડીનું બેલેન્સ હોવું જોઇએ. |
| ઈ-હરાજીની તારીખ અને સમય | **૧૦.૦૨.૨૦૨૧ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા થી 3.00 વાગ્યા સુધી અમર્યાદિત લંબાણ સહીત. બીડ વૃદ્ધિની રકમ રૂા. ૫૦૦૦૦ છે.** |
| વધુ વિગતો, શરતો અને નિયમો માટે, સપંર્ક : **શ્રી રાજેશ કુમાર, ચીફ મેનેજર** **ફોન : ૦૭૯-૨૩૨૨૨૦૮૦,** **મો. ૯૪૨૭૬૫૬૩૧૧,૭૪૩૫૯૬૭૧૦૦** **ઇમેઇલ:** zoahmrecovery@indianbank.co.in, zoahmedabad@indianbank.co.in | **વધુ વિગતો અને શરતો અને નિયમો ડાઉનલોડ કરવા માટે મુલાકાત લેવી :** I. https://www.indianbank.in II. https://www.mstcecommerce.com III. https://www.ibapi.in |

**બીડરો એ નીચેની ઔપચારીક પ્રક્રિયાઓ અગાઉથી પુર્ણ કરવી :**
**પગલું ૧ : બીડ